ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# શહેરના જાણીતા ક્રિકેટર મેહુલ પટેલ બીસીસીઆઈની કમિટિમાં નિમાયા

## શહેરના રમત-જગતના ઈતિહાસમાં પ્રથમ વખત રાષ્ટ્રીય કક્ષાએ નિમણુંકને ક્રિકેટ પ્રેમીઓનો આવકાર

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના યુવા અગ્રણી તથા જિલ્લા ક્રિકેટ એસોસીએશનના પ્રમુખશ્રી મેહુલભાઈ પટેલની નિમણુંક બીસીસીઆઈ (બોર્ડ ફોર ક્રિકેટ કંટ્રોલ ઈન્ડિયા)ના ન્યુ એરિયા ડેવલોપમેન્ટ કમિટિમાં કરવામાં આવી છે. તેમની નિમણુંકથી શહેરના ક્રિકેટ પ્રેમીઓમાં આનંદ અને હર્ષની લાગણી પ્રસરી જવા પામી છે ગાંધીનગરના જાણીતા ક્રિકેટર જેઓ જિલ્લા ક્રિકેટ એસોસીએશનના પ્રમુખ ઉપરાંત ગુજરાત ક્રિકેટ એસોસીશનના જોઈન્ટ સેક્રેટરી પણ છે તેવા મેહુલભાઈ પટેલની નિમણુંક તાજેતરમાં મળેલી બીસીસીઆઈની બેઠકમાં નવા વિસ્તાર વિકાસ કમિટિમાં કરાઈ છે. મેહુલભાઈ પટેલના નેતૃત્વમાં ગાંધીનગરના અનેક યુવા ક્રિકેટરોને રાજય કક્ષાએ અને રાષ્ટ્ર કક્ષાએ રમવા માટે તાલીમ અપાય છે જેમાં નોંધપાત્ર સફળતા પણ મળી છે.



તાજેતરમાં બીસીસીઆઈ (બોર્ડ ઓફ ક્રિકેટ કન્ટ્રોલ ઈન ઈન્ડિયા)ની તાજેતરમાં મળેલી કારોબારીમાં 'ન્યુ એરિયા ડેવલોપમેન્ટ કમિટી'ની રચના કરવામાં આવી છે. આ કમિટિના ચેરમેન તરીકે ભૂતપૂર્વ ટેસ્ટ ખેલાડી શ્રી બ્રીજેશ પટેલ છે જયારે કન્વીનર તરીકે બીસીસીઆઈ (બોર્ડ ઓફ ક્રિકેટ કન્ટ્રોલ ઈન ઈન્ડિયા)ના સેક્રેટરી શ્રી અનુરાગ ઠાકુર છે. આ કમિટિમાં સમગ્ર દેશમાંથી આઠ સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

બીસીસીઆઈની આ સમિતિ ક્રિકેટની રમતના સેન્ટરને ઉભા કરવા અને તેનો વિકાસ કરવાની કામગીરી કરશે. મેહુલભાઈ પટેલની બીસીસીઆઈની કમિટીમાં સભ્ય તરીકે વરણી થતાં ગાંધીનગર જિલ્લા ક્રિકેટ એસોસીએશનના કારોબારી સભ્યો, ખેલાડીઓ તેમજ એસોસીએશન સાથે સંકળાયેલા તમામે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી છે અને મેહુલભાઈ પટેલને અભિનંદન પાઠવ્યા છે.





વિશ્વમાં સૌથી વધુ અનુકરણીય બંધારણ ઘડનાર ડૉ. બાબાસાહેબ આંબેડકરની આજે ૧૨૫મી જન્મ જયંતિ દેશભરમાં ભારે ધામધૂમથી ઉજવાઈ. ગાંધીનગરમાં પણ રાજ્યના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સહિત નિતીનભાઈ પટેલ, રમણલાલ વોરા, રતિલાલ વર્મા વગેરેએ વિધાનસભા સામે આવેલ બાબાસાહેબની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પિત કરી હતી. આ પ્રસંગે મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : દિપક જાની)

# આંબેડકર જન્મ જયંતિ ધામધૂમથી ઉજવાઈ

## મુખ્યમંત્રી, મંત્રીઓ, નગરના આગેવાનો, અગ્રણીઓ, નગરજનોએ આંબેડકર પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ અર્પી : પ્રતિમા સ્થળે આંબેડકર જીવન કવન વિષયક વકતૃત્વ સ્પર્ધા યોજાઈ : નગરમાં અનેક શોભાયાત્રા-રેલી યોજાઈ

ગાંધીનગર, તા.૧૪

બંધારણ રચયિતા ડૉ. બાબા સાહેબ આંબેડકર જયંતિની ગાંધીનગરમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શહેરના વિધાનસભા સામેના સેન્ટ્રલ વિસ્ટા સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકરની પ્રતિમાને રાજયના મુખ્યમંત્રી , મંત્રીઓ અને નગરના અનેક આગેવાનોએ મોટી સંખ્યામાં હાજર રહી પુષ્પાંજલિ અર્પી હતી. વાતાવરણ જય ભીમના નારા સાથે ગુંજી ઉઠયું હતું.

ગાંધીનગરમાં ૧૨૫મી આંબેડકર જયંતિ પર્વે ડૉ. બાબા સાહેબ આંબેડકરને અભિનવ ભાવાંજલિ આપવાનો કાર્યક્રમ યોજાયો હતો.

વહેલી સવારે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે આંબેડકર પ્રતિમા સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ વેળાએ મંત્રી રમણલાલ વોરા, નીતિન પટેલ, મેયર મહેન્દ્રસિંહ રાણા, વિધાનસભા ઉપાધ્યક્ષ આત્મારામ પરમાર, દંડક પંકજ દેસાઈ સહિત ધારાસભ્યો અને અગ્રણીઓ તેમજ નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતાં.

ડૉ. આંબેડકર સાહેબની આ સવાસોમી જન્મ જયંતિની અભિનવ ઉજવણી પાટનગરમાં પ્રેરિત કરતા ગાંધીનગરની સરકારી શાળાના બાળકોની ડૉ. આંબેડકર જીવન કવન વિશેષ શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં ઉપસ્થિત રહી બાળ પ્રતિભાઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. ઉપરાંત મુખ્યમંત્રી અને વિધાનસભા અધ્યક્ષે વિધાનસભા પોડિયમમાં ડૉ. બાબા સાહેબ આંબેડકરના તૈલ ચિત્ર સમક્ષ ભાવાંજલિ અર્પણ કરી હતી.

મુખ્યમંત્રીએ બાળ વિદ્યાર્થીઓને ડૉ. આંબેડકરે લોકતંત્રમાં બંધારણ ઘડતરથી આપેલા યોગદાન, વંચિતો દલિતોના સર્વાંગી કલ્યાણ માટેની આજીવન પ્રતિબધ્ધતા તથા અસ્પૃશ્યતા નિવારવા જેવા ગુણો આત્મસાત કરીને સમરસ સમાજ નિર્માણના સંવાહક બચપણથી જ બનવાનું પ્રેરણાદાયી માર્ગદર્શન ચિંતન આપ્યું હતું. આ રાજય સરકાર વંચિતો-દલિતો-શોષિતોના કલ્યાણ, વિકાસના અનેકવિધ કાર્ય આયોજનોથી ઉજવશે. આ માટે ૧૨૫ કરોડ રૂપિયાની જોગવાઈ સુનિશ્ચિત કરવામાં આવી છે. કાર્યક્રમમાં રાજયમંત્રી વસુબેન ત્રિવેદી, મુખ્ય સચિવ ડી.જે. પાંડિયન, અધિક મુખ્ય સચિવ ડાગુર સહિત અનેક શાળાના બાળકો અને શાળા પરિવારના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.


# તસ્કરોના હીન કૃત્યથી શિક્ષિત સમાજમાં ઘેરી ચિંતા

## ૬ વર્ષ અગાઉ પણ પવિત્ર અસ્થિકંભ ચોરાયો હતો

ગાંધીનગર, તા.૧૪

કળિયુગના પ્રભાવથી સમાજમાં બનતી કેટલીક ઘટનાઓના લીધે ભદ્ર સમાજમાં ઘેરી ચિંતા પ્રર્વતી છે.દીનપ્રતિદિન ચોરી લૂંટ,સહિતના તસ્કરીના બનાવો વધી ગયા છે. ત્યારે નગરના અંતિમધામમાં ધાડપાડુઓ ત્રાટકતાં શિક્ષિત સમાજમાં પણ આઘાતની લાગણી પ્રર્વતી છે.

ત્રાટકવાની ઘટનાએ શિક્ષિત સમાજને પણ હચમચાવી દીધો છે.અગાઉ પણ સ્મશાનધામમાથી વર્ષ ૨૦૦૮માં અસ્થિ કુંભ ચોરાયો હતો. ૬ વર્ષના લાંબા સમયગાળાના અંતે અસ્થિકુંભનો પત્તો લાગ્યો નથી.વર્ષો અગાઉ અમદાવાદના વૃધ્ધાશ્રમમાં કાયમી નિવાસ કરવા જતાં વિદ્યાગૌરીબેને શહેર વસાહત મહામંડળને અસ્થિ કુંભ એકઠી કરવા દાનમાં આપ્યો હતો. તેમને લગ્ન સમયે પિયરમાંથી અપાયેલો મા માટલાનો તાંબાનો કુંભ મુકિતધામમાં સ્વજનોના અસ્થિ એકઠી કરવા રાખવામાં આવ્યો હતો. જયારે તસ્કરાની બૂરી નજર પડતા આ કુંભ ની ચોરી થઈ ગઈ હતી.વર્ષોના અંતે પણ આ ચોરીનો ભેદ ઉકેલાયો નથી. તેવા સમયે પણ સમાજમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા. જયારે ગઈકાલે બનેલી ધાડની ઘટનાથી શિક્ષિત સમાજ હચમચી ગયો છે. તસ્કરોની આ વૃત્તિ સામે ચોમેરથી ફિટકાર વરસી રહયો છે. પોલીસતંત્ર માટે પણ છેલ્લી પાયરીએ પહોંચેલા તસ્કરોને કાબૂમાં લેવાનું ચેલેન્જરૂપ બન્યુ હોવાનો સુર ઉઠવા પામ્યો છે.શહેરમાં આડા દિવસે બનતા ચોરી અને લૂંટના બનાવો ઉપરાંત ધાડપાડુ ટોળકી પણ સક્રીય થતા નાગરિકોમાં ભય પ્રર્વત્યો છે.



ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની જન્મ જયંતિની પૂર્વ સંધ્યાએ 'ભીમ દિવાળી' ઉજવાઈ હતી. આ પ્રસંગે રાત્રે ૧૦ વાગે ભવ્ય આતશબાજીનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં રાજયના સમાજ કલ્યાણ અને અધિકારીતા મંત્રી રમણલાલ વોરા સહિત શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા અને રતિલાલ વર્મા સહિત નગરજનો ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : દિપક જાની)

# ભૂપેન્દ્રસિંહની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા. ૧૪

સામાજિક સમરસતા માત્ર સિદ્ધાંત કે સૂત્ર નહીં પણ એક જીવન વ્યવહાર બને ત્યારે આવો જીવન વ્યવહાર કોઈને માટે પણ પ્રેરક બને. ૧૪મી એપ્રિલ એટલે કે ડૉ. બાબાસાહેબ આંબેડકરનો જન્મ દિવસ એક અર્થમાં સામાજિક સમરસતાની ભાવનાને પ્રબળ બનાવવાનો દિવસ. રાજ્યના શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા તેમના જીવનનાં છેલ્લા ૩૫ વર્ષથી ૧૪મી એપ્રિલ ડૉ. બાબાસાહેબ આંબેડકરના જન્મદિવસે દલિત બંધુઓ સાથે વિતાવીને, તેમના મહોલ્લામાં જઈ સાથે ચા-પાણી ભોજન લઈને સમાજમાં સામાજીક સમરસતાનો સંદેશ આપતાં રહ્યા છે. એ જ પરંપરાના ભાગરૂપે ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મયજયંતિની ઉજવણી અંતર્ગત ૩૫ વર્ષ પૂરા થયાના નિમિત્તે ધોળકા ખાતે 'સામાજિક સમરસતાનું ભોજન' નું ભવ્ય આયોજન કરાયું હતું. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ધોળકા શહેરના દલિત સહિતના તમામ વર્ગના અગ્રણીઓ, નગરજનો સાથે દલિત કન્યાઓના હાથે પીરસાયેલા ભોજનનો સ્વાદ માણી ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિની વિશિષ્ટ ઉજવણી કરી હતી.



ગાંધીનગરના 'પનઘટ કલા કેન્દ્ર'ના શ્રી ભાવિન પટેલે રાજસ્થાનમાં 'ગુજરાત' ખડું કરી દીધું હતું! ગુજરાત સરકારના બિન નિવાસી ગુજરાતી પ્રતિષ્ઠાન દ્વારા કોન્ફીડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સી.આઈ.આઈ)ના સહયોગથી રાજસ્થાનના જયપુર શહેરના બિરલા ઑડિટોરીયમ ખાતે 'સદાકાળ ગુજરાત-૨૦૧૫'નું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પનઘટ કલા કેન્દ્રના શ્રી ભાવિન પટેલે ગાંધીનગર અને ગુજરાતના ૧૦૦ થી પણ વધુ સુપ્રસિધ્ધ કલાકારો સાથે અભૂતપૂર્વ રંગારંગ કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો. ગુજરાતના જાણીતા કવિ શ્રી અંકિત ત્રિવેદીના રસાળ સંચાલનમાં વૈવિધ્યસભર કાર્યક્રમ રજૂ કરાયો હતો. ડૉ. સુપ્રભા મિશ્રાના ગૃપ દ્વારા ગણેશ વંદનાથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ગુજરાતના જાણીતા હાસ્યકાર ડૉ. જગદીશ ત્રિવેદી એ શરૂઆતમાં હાસ્યરસથી શ્રોતાઓને તળબોળ કર્યા હતા. જાણીતા કવિ શ્રી ભાગ્યેશ જહાની રચના 'જયતુ જયતુ ગુજરાત'ની પ્રસ્તુતિ વડોદરાના ઉલ્પાબેન દેસાઈના ગૃપ દ્વારા કરાઈ હતી. પનઘટ કલા કેન્દ્રના કલાકારોએ પ્રાચીન ગરબો અને ટીપણી, ડાંગના કલાકારોએ ડાંગી નૃત્ય, ભરૂચના સીદી લોકોનું 'ધમાલ નૃત્ય', પોરબંદરના ભાવપુરા ગૃપનો 'મણીયારો રાસ' રજૂ કરાયા હતા. કાર્યક્રમના સમાપનમાં ગુજરાતના જાણીતા સ્વરકાર શ્રી નયનેશ જાની દ્વારા સ્વરબધ્ધ રચના પર જાણીતા નૃત્યકાર શ્રી ભાવિન પટેલ દ્વારા કોરીયોગ્રાફ કરાયેલા ભવ્ય નૃત્ય દ્વારા 'ગ્રાન્ડ ફિનાલે'ની તમામ કલાકારોએ ભવ્ય રજૂઆત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી ભાવિન પટેલે કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના બિનનિવાસી ગુજરાતી વિભાગના મંત્રી શ્રી પ્રદીપસિંહજી જાડેજા, જાણીતા ઈતિહાસકાર શ્રી વિષ્ણુ પંડ્યા, સામાન્ય વહિવટ વિભાગના સચિવ શ્રી એસ.બી. રાવલ, એન. આર. જી. ફાઉન્ડેશનના નિયામક શ્રી એમ.આર. વરસાણી અને સંયુક્ત સચિવ શ્રી એન. પી. લવિંગીયા તથા રાજસ્થાન ગુજરાતી સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ગાંધીનગરની ૮૪૭ મહિલાઓએ હેલ્પલાઈન પર કૉલ કર્યા

## જિલ્લામાં સૌથી વધુ ઘરેલુ હિંસાના કોલ ૧૮૧ હેલ્પલાઈન પર આપ્યા

ગાંધીનગર, તા. ૧૪

મહિલાઓને ઘરેલુ હિંસા સહિતની વિવિધ પ્રકારની હિંસાના કિસ્સામાં તાત્કાલિક ધોરણે બચાવ અને સલાહ તથા માર્ગદર્શન ઉપરાંત મહિલાલક્ષી યોજનાઓની જાણકારી મળી રહે તે માટે શરૂ થયેલી ૧૮૧ હેલ્પલાઈનને ૧૪ માસ થયા છે. આ હેલ્પલાઈન અગાઉ કેટલાક જિલ્લાઓમાં શરૂ કરાઈ હતી. જેમાં ખુબ સારો પ્રતિસાદ મળ્યા બાદ ગુજરાત સરકાર અને જીવીકે ઈએમઆરઆઈ દ્વારા સમગ્ર રાજ્યમાં આ હેલ્પલાઈન એક મહિના પહેલા શરૂ કરાઈ હતી. માત્ર એક મહિનામાં ૪૮૮૫ કરતા પણ વધુ મહિલાઓને વિકટ પરિસ્થિતિમાં સલાહ, બચાવ અને માર્ગદર્શન હેલ્પલાઈન મારફતે પુરૂ પાડવામાં આવ્યું છે.

ગાંધીનગર જિલ્લાની મહિલાઓએ પણ હેલ્પલાઈન શરૂ કરી ત્યારથી આજ દિન સુધી ૧૪ માસના સમયગાળા દરમ્યાન ઘરેલુ હિંસા, કાનુની સલાહ, શારીરીક હિંસા, છેડતી સહિતની વિકટ પરિસ્થિતિઓમાં ૧૮૧ હેલ્પલાઈનનો ઉપયોગ કર્યો છે. જિલ્લાની ૮૪૭ મહિલાઓએ આ હેલ્પલાઈનનો

● અનુસંધાન પાન-૭ પર



ખાલસા પંથની જન્મ જયંતિ-બૈસાખીના તહેવારની ઉજવણી ધામધૂમથી ગાંધીનગરમાં કરવામાં આવી હતી. બૈસાખી નિમિત્તે ગાંધીનગર-ગુરૂદ્વારાના જ્ઞાનીજી, બલવીરસિંઘ રાજપાલ, શ્રીમતી સાહની, પરમજીતકૌર છાબડા અને કલગીધર સેવક જથ્થાના સતનામસિંહજી, રણજીતસિંહજી તથા શીખ સમુદાયના બિરાદરો તથા મહિલાઓએ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની મુલાકાત લીધી હતી.

# સે-૨૬માં સી સી રોડનું કામ પુનઃ આરંભાયુ

## અગાઉ કિસાન નગરના રહીશોએ તંત્ર સમક્ષ રજુઆત કરી હતી


ગાંધીનગર, તા.૧૫

સે-૨૬માં આંતરિક રસ્તાનું અધુરુ કામ પૂર્ણ કરવા તંત્ર દ્વારા સી સી રાડનું કામ શરૂ કરી દેવાયું છે. આ વિસ્તારમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા દૂર કરવા ખાસ સી સી રોડ બનાનવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

શહેરના જૂના સેકટરોમાં ગત વર્ષ દરમિયાન આંતરિક વિસ્તારમાં રસ્તાઓનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતું. જયારે આ કામગીરી દરમિયાન સે-૨૬ સહિત કેટલાક વિસ્તારમાં રસ્તાની કામગીરી અધૂરી છોડી દેવાઈ હોવાનો સુર ઉઠવા પામ્યો હતો.જેના લીધે નાગરિકોમાં આક્રોશ પ્રર્વત્યો હતો. જૂના સેકટરોમાં સ્થિત સરકારી વસાહતમાં આંતરીક રસ્તાનું કામ હજુ શરૂ થઈ શકયું નથી. જો કે આ માટે તંત્ર દ્વારા વિભાગને દરખાસ્ત કરવામાં આવશે. જયારે સે-૨૬માં રસ્તાનુ કામ અધુરુ છોડી દેવાયો હોવાનો રોષ ઉઠવા પામ્યો હતો.યોગ્ય રસ્તાના અભાવે આગામી ચોમાસા દરમિયાન જળબંબાકારની સ્થિતિ ઉદભવશે તેવો આક્રોશ પ્રબળ બન્યો હતો. જેને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ વિસ્તારમાં સી સી રોડ બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુંહતુ. સૂત્રોના જણાવ્યા મુજબ હાલ સી સી રોડનું કામ શરૂ કરી દેવાયું છે.

ટૂંકમાં જ આ કામગીરી પૂર્ણ કરી દેવાશે.જેના લીધે સેકટરમાં વરસાદી પાણી ભરવાની સમસ્યાનો પણ અંત આવશે. શહેરના સે-૨૪માં પણ હાલ સી.સી.રોડ બનાવવાનુ કામ ચાલી રહયું છે. ચોમાસા પૂર્વે આ કામ પણ પૂર્ણ કરી દેવાશે. દાયકાના અંતે સેકટરવાસીઓને રસ્તા અને સ્ટ્રીટ લાઈટની નવતર સુવિધા ઉપલબ્ધ થશે. સ્થાનિક વેપારીઓ દ્વારા બાકી કામગીરી પૂર્ણ કરવા પ્રબળ માંગ ઉઠવા પામી છે. જૂના સેકટરોમાં આગામી ચોમાસા પૂર્વે રસ્તાનુ જરૂરી કામ પૂર્ણ કરવા પણ માંગ ઉઠવા પામી છે.

## બેસણું



અમારા પૂજ્ય માતૃશ્રી ગંગાસ્વરૂપ **ભગવતીબેન મનુપ્રસાદ યાજ્ઞિક**નો સ્વર્ગવાસ તા. ૧૧-૪-૨૦૧૫, ચૈત્ર વદ-૭ને શનિવારના રોજ થયેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૬-૪-૨૦૧૫ને ગુરૂવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે** નીચેના સરનામે રાખેલ છે.

સ્થળ : બ્રહ્મભવન, રંગમંચ પાછળ, સેકટર-૧૬, ગાંધીનગર. મો. ૯૯૨૪૨ ૨૮૬૨૯

| | |
|---|---|
| **કનુભાઈ લલ્લુરામ જાની** | **યાજ્ઞિક ધનંજય મનુપ્રસાદ** |
| **રાહુલ કનુભાઈ જાની** | **યાજ્ઞિક પરેશ મનુપ્રસાદ** |
| **વૈભવ કમલેશભાઈ જાની** | **યાજ્ઞિક બીપીનચંદ્ર કાન્તિલાલ** |

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Since 1986
अभय
ISO 9001:2008
• Corporate Gathering • Celebrations • Exhibitions • Marriage • Reception • Parties • Seminars
Y.A. Mansuri M. : 9824049503
Sanjay S. Shah P. Manubhai Medical
ABHAY DECORATORS
FEEL FREE, BE FEARLESS
CORRESPONDENCE OFFICE Plot No. E-192, 193, 194 B/h. Videocon Factory, Electronics Estate, GIDC, Sector-25, Gandhinagar. Ph. : 079-232 87368, Fax : 079-232 87292
REGD. OFFICE : B-203, Aman Flats, Opp. B.J.P. Office, J.P. Chowk, Khanpur, Ahmedabad. Ph. : 079-25503943
email : info@abhaydecorators.com
www.abhaydecorators.com

ADITYA BIRLA GROUP
લીકેજ-મુક્ત ઘરો માટે
UltraTech SEAL & DRY Total Waterproofing Solution
Waterproofing ka champion
શ્રી સ્વામીનારાયણ એન્ટરપ્રાઈસીસ
એસ-૬, બીજો માળ, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર
કોલ કરો : ૯૯૨૫૦ ૩૯૬૭૨, ૭૬૯૮૬ ૮૮૮૧૧.
મકાનના ૧૦૦% વોટર પ્રુફીંગ કામ માટે મળો.

SANGHI CEMENT
KisaN
ashirvad C. PVC, UPVC
TATA STEEL • PIPES • SHEETS
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
VINAYAK 500 TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com